Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-1, June-2022

# આદિમાનવના રહેઠાણ તરીકે વિશ્વની પ્રાગૈતિહાસિક ગૂફાઓ

**Dr. Kumarpal Parmar**
Assistant Professor, Department of History, Surendranagar University, Vadhvan
Mo. 7383000930 Email: kumarpal.parmar@yahoo.com

***સારાંશ:***

*માનવીની ઉત્પત્તિ થઈ તે વખતથી માનવ ભટકતું જીવન જીવતો હતો. પાષાણના ઓજારો અને હથીયારો વાપરતો અને શિકાર કરીને જીવન જીવતો. પાષાણના ઓજારોને આધારે ઈતિહાસના પન્ને આદીમાનવોની ક્રિયાઓને આધારે તેને ત્રણ યુગોમાં વિભાજીત કરવામાં આવ્યો છે: ૧. પુરા પાષાણકાળ, ૨. મધ્ય પાષાણકાળ અને ૩. અંત્યપાષાણકાળ. આ કાળના અભ્યાસ પરથી જાણવા મળે છે કે આદીમાનવે રહેઠાણ માટેની પ્રથમ પસંદગી ગૂફાઓની કરી હશે. અહી સંશોધકનું એવુ માનવુ છે કે માનવ અન્ય પ્રાણીઓને જોઈને ગૂફાઓમાં રહેતા શીખ્યો હશે. ઉપરાંત, માનવ પ્રાણીઓ કરતા વધુ બુદ્ધિશાળી હોઈ તેને રહેઠાણની પસંદગી પર પોતાની બુદ્ધિ દોળાવી હતી. જેની સાક્ષી આદિમાનવો દ્વારા તૈયાર કરવામાં આવેલા ભીતીચિત્રો દ્વારા મળી આવે છે. પુરાપાષાણકાળથી અંત્યપાષાણ કાળના માનવના આવા ભીતીચિત્રો યુરોપ, પશ્ચિમ તથા દક્ષિણ એશિયા, ભારત, દક્ષિણ આફ્રિકા, ઓસ્ટ્રેલીયા, વગેરે માંથી મળી આવ્યા છે. વિશ્વના નકશા પર આદિમાનવોએ છોડેલા પૂરાવારૂપ ગૂફાચિત્રો દ્વારા તેમની મોટાભાગની માહિતી મળી રહે છે. પ્રસ્તુત સંશોધનપત્રમાં વિશ્વમાંથી મળી આવેલા આદિમાનવના રહેણાંક ગૂફાઓ અને ગૂફાચિત્રોની પાયાની માહિતી રજૂ કરવામાં આવી છે.*


***અભ્યાસના હેતુઓ***

- *આદિમાનવના રહેઠાણ તરીકે પ્રાગૈતિહાસિક ગૂફાઓનો અભ્યાસ કરવો.*
- *ગૂફાચિત્રો દ્વારા આદિમાનવના રહેણાંક તરીકે વિશ્વની ગૂફાઓ વિષેની પાયાની જાણકારી મેળવવી.*
- *ગૂફાચિત્રો અને અન્ય પૂરાતાત્વિક અવશેષો દ્વારા ગૂફાઓની પસંદગીનું કારણ તપાસવું.*

***ચાવીરૂપ શબ્દો:*** *ગૂફાઓ, આદિમાનવ, પ્રાગૈતિહાસિક ગૂફાચિત્રો*

---

આપણી પૃથ્વી પાસે માનવો માટે અનેક સંશાધનો છે, તેમજ તે સંશોધન માટે આપણને પ્રેરણા પુડી પાડે છે. કુદરતે માનવીય ઉપયોગની થાળીમાં અગણ્ય ભેટ-સૌગાથો પિરસી છે અને માનવે તેને ભરપેટ માણી છે. આપણે જાણીએ છીએ કે માનવીની ઉત્પત્તિ થઈ તે વખતે તે ભટકતું જીવન જીવતો હતો. પાષાણના ઓજારો અને હથીયારો વાપરતો અને શિકાર કરીને જીવન ચલાવતો હતો. ઇતિહાસકારો, વૈજ્ઞાનિકો, વિદ્વાનો, વગેરેએ પાષાણના ઓજારો અને ક્રિયાઓના આધારે ઇતિહાસના પન્ને આદિમાનવના ભૂતકાળને ત્રણ યુગોમાં વિભાજીત કર્યા છે.





આજનો આધુનિક માનવ ભલે ૧૦૦ માળ થીય મોટી ઇમારત, અનેક રૂમવાળા બંગલામાં રહેતો થયો છે, પરંતુ તેનો પુર્વજ સૌ-પ્રથમ ક્યા રહેતો હતો અને કેવા રહેઠાણની પસંદગી કરતો હતો તેના વિષે ઓછો જાગૃત છે. ખરેખર, માનવના રહેઠાણના અનુસંધાનમાં જોઈએ તો એવું માની શકાય કે, તેણે રહેઠાણ માટેની પ્રથમ પસંદગી ગૂફાઓની કરી. સંશોધકનું માનવું છે કે માનવ અન્ય પ્રાણીઓને જોઈને ગૂફાઓમાં રહેતા શીખ્યો હશે. તેમજ માનવ પ્રાણીઓ કરતા વધુ બુદ્ધિશાળી હોઈ તેણે રહેઠાણની પસંદગી પર પોતાની બુદ્ધિ દોળાવી હતી. જેની સાક્ષી આદિમાનવો દ્વારા તૈયાર કરવામાં આવેલા ગૂફાચિત્રો દ્વારા મળી આવે છે. પુરાપાષાણકાળથી અંત્યપાષાણ કાળના માનવના આવા ગૂફાચિત્રો યુરોપ, પશ્ચિમ તથા દક્ષિણ એશિયા, ભારત, દક્ષિણ આફ્રિકા, ઓસ્ટ્રેલીયા, વગેરે માંથી મળી આવ્યા છે. આ ગૂફાચિત્રો દ્વારા માનવના અતિત વિષે પાયાની માહિતી મળી રહે તે માટે આદિમાનવે પુરાવાઓ મુક્યા છે.

ભારતમાં પંચમઢી, હોશંગાબાદ, જોગીમારા, મીરઝાપુર વગેરે સ્થળોથી આવા ગુહાશ્રયો મળી આવ્યા છે, જેમાં આદિમાનવની ચિત્રકલાનાં સચોટ દર્શન થાય છે. ભારતના આવા ગુહાશ્રયો પર અભ્યાસ થયેલો જોવા મળે છે પણ માનવના પ્રથમ રહેઠાણ તરીકે ગૂફાઓને સમજવા માટે પ્રસ્તુત સંશોધનપત્ર તૈયાર કરવામાં આવ્યું છે. તેના માટે સૌ-પ્રથમ ગૂફા શું છે તે જાણવું એ સારા સંશોધકની નિશાની છે.

**ગૂફાઓ**

ઠોસ પથ્થરને તક્ષિત એટલે કે કાપીને ઢાંચો, સ્થાપત્ય અથવા મૂર્તિ બનાવવાની પ્રક્રિયાને તક્ષિત-શિલા વાસ્તુકલા કહેવામાં આવે છે અને શૈલાત્મક અંગ્રેજીમાં Rock-cut પ્રકારનું સ્થાપત્ય એટલે ગૂફા. ગૂફા માટે 'ગુહા' શબ્દ પણ પ્રયોજાય છે. પ્રાગૈતિહાસિક કાળની આવી અનેક કુદરતી ગૂફાઓ પ્રાપ્ત થઈ છે, જે માનવ દ્વારા ઉપયોગમાં લેવામાં આવી હતી. આદિમાનવ આ પ્રકારની ગૂફાઓનો ઉપયોગ નિવાસ માટે કરતો હતો, જેને 'ગુહાશ્રયો' (Rock-shelter) તરીકે ઓળખાય છે. ખરેખર, ગૂફાઓ બે પ્રકારની હોય છેઃ ૧. કુદરતી રીતે કોઈ ખડકમાં મોટું પોલાણ નિર્માણ પામે અને જે ગૂફાના રૂપમાં રચાયું હોય તે કુદરતી ગૂફા અને ૨. માનવ દ્વારા તક્ષિત-શિલા વાસ્તુકલા દ્વારા તૈયાર કરવામાં આવેલી ગૂફાને માનવસર્જિત ગૂફા કહેવાય છે.




**(આદિકાલીન ગૂફાઓ દર્શાવતો વિશ્વનો નકશો)**

વિશ્વમાં માનવે રહેઠાણ તરીકે ઉપયોગમાં લેવાયેલી ગૂફાઓનો મહત્વપૂર્ણ નકશો સંશોધક દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે, જેમાંથી આદિકાલીન ગૂફાઓ અંગે પાયાની માહિતી માહિતી મળી રહે છે. અહીં માનવના પ્રથમ રહેઠાણ અંગેના સંશોધન માટે એમાંથી અમુક ગૂફાઓની પસંદગી કરવામાં આવી છે, જે આ પ્રમાણે છે.

### આર્કી-સુર-ક્યોર કે આર્સી-સુર-ક્યોરની ગૂફાઓઃ



આર્કી-સુર-ક્યોર એ ફ્રાન્સના બર્ગન્ડીમાં સ્થિત લગભગ ૧૫ ગૂફાઓની શ્રેણીવાળુ એક પ્રાગૈતિહાસિક સ્થળ છે, જે રાષ્ટ્રીયસ્તરના ઐતિહાસિક સ્મારક અને પુરાતત્વીય સ્થળ તરીકે સૂચિબદ્ધ છે. ક્યોર નદી દ્વારા મેસોઝોઇક યુગમાં ચૂનાના પત્થરોમાં કોતરવામાં આવેલી ગૂફાઓમાંથી કેટલીક કોતરણીથી સુશોભિત છે, જે એક સમયે મનુષ્યો માટે આશ્રય પ્રદાન કરતી હતી. ઇ.સ. 1990ના દાયકાની શરૂઆતમાં જ્યારે ત્યાંથી 28,000 વર્ષ પહેલાંના ગૂફાચિત્રો મળી આવ્યા ત્યારથી તે વધુ પ્રખ્યાત બની છે. અહીથી પ્રાપ્ત ગૂફાચિત્રો ગેરુ અને કોલસાથી દોરવામાં આવેલી પ્રાગૈતિહાસિક કૃતિઓની વિશ્વની જૂની સુશોભિત ગૂફા છે.



આ ગૂફાઓમાં જુદા જુદા સમયના ગૂફાચિત્રોની સાથે સાથે ગેલો-રોમન શિલ્પો અને માટીકામ, તેમજ 1543 ની ગ્રેફિટી જોવા મળે છે. તેમાં આકર્ષક ભૂગર્ભ ચેમ્બર, બે નાના તળાવો, પ્રાણીઓની કોતરણી અને વિચિત્ર આકારના ચૂનાના પથ્થરો જેવી કોતરણી પણ જોવા મળે છે.

### મગુરાની ગૂફાઓઃ



મગુરા ગૂફાઓ ઉત્તરપૂર્વીય બલ્ગેરિયામાં બેલોગ્રાડચિકથી 17 કિમી દૂર દરિયાઈ સપાટીથી આશરે 461 મીટરની ઊંચાઈ પર સ્થિત છે, જેની લંબાઈ અંદાજે 2500 મીટર છે. તે બલ્ગેરિયાની મોટી અને સુંદર ગૂફાઓમાંની એક છે. જેમાં મુખ્ય

ગેલેરી અને ત્રણ બાજુની શાખાઓ છે.

ભૂસ્તરશાસ્ત્રીય અભ્યાસો અનુસાર, મગુરા ગૂફા લગભગ 1.5 કરોડ વર્ષો પહેલા આકાર લેવાની શરૂઆત થઈ હતી. મગુરાની ગૂફાઓમાંની એક ગૂફામાંથી પ્રાગૈતિહાસિક ગૂફાચિત્રો મળી આવ્યા છે, જે દિવાલોમાં કોતરવામાં આવ્યા હોય તેમ જોવા મળે છે, જે છાણથી શણગારવામાં આવ્યા છે. આ ગૂફાચિત્રોમાં નૃત્ય કરતા અને શિકાર કરતા સ્ત્રી-પુરુષો, માસ્ક પહેરેલા લોકો, પ્રાણીઓ, તારાઓ, સાધનો અને છોડના છાયાચિત્રો દર્શાવવામાં આવ્યા છે. આ ગૂફાચિત્રો પૂરા પાષાણકાળ, નવ પાષાણકાળ, અંત્યપાષાણકાળ અને એ પછીના કાંસ્ય યુગની શરૂઆત, એમ જુદા જુદા યુગના છે.


આ ગૂફાચિત્રોમાં નોધપાત્ર બાબત એ છે કે તેમાં એક સૌર કેલેન્ડર જોવા મળે છે. ગૂફાના



હોલની દિવાલો પર દોરવામાં આવેલુ આ સૌર કેલેન્ડર ઉત્તર પાષાણ યુગનું યુરોપમાં શોધાયેલું સૌથી પહેલું સૌર કેલેન્ડર ગણાય છે, જેમાં ૫ તહેવારો અને ૩૬૬ દિવસો દર્શાવવામાં આવ્યા છે.

**કપોવા (કપોવાયા)ની ગૂફા**

કપોવાની ગૂફા શુલગન-તાશ ગૂફા તરીકે પણ ઓળખાય છે, જે રશિયાના વોલ્ગા અને ઉરલ પર્વતો વચ્ચે આવેલું ગૂફાચિત્રો માટે પ્રખ્યાત એક ગુહાશ્રય છે. આ ગૂફાચિત્રોમાં ખાસ કરીને સ્તનધારી જીવો અને ઘોડાઓ જોવા મળે છે. જે લાલ ગેરુની ઇ.સ.પૂર્વે 15000 થી ઇ.સ.પૂર્વે 10000 ના સમયગાળાની મેગડાલેનીયન કલાના છે. જો કે આ ગૂફા 18મી સદીના મધ્યભાગથી



જાણીતી છે, જ્યારે તેની પ્રાગૈતિહાસિક કલા 1950ના દાયકામાં મળી આવી હતી. કપોવાની ગૂફામાં પ્રાણીઓના ચિત્રો ઉપરાંત, ગૂફાની ગેલેરીઓમાં અસંખ્ય ચિત્રો અને અમૂર્ત ચિહ્નો તેમજ હાથની

છાપ વગેરે સ્ટેન્સિલથી તૈયાર કરેલ જણાય છે. 1959માં, રશિયન પુરાતત્વવિદ્ એ.વી. ઋમિન એ ગૂફાઓની તપાસ કરી, જ્યાં તેમને ઇ.સ.પૂર્વે 12500ના પુરા પાષાણકાલના 50 થી વધુ ગૂફાચિત્રો દર્શાવતી એક માઈલ લાંબી શ્રેણી મળી. કપોવાના ગૂફાચિત્રોમાં ઊની સ્તનધારી જીવો, ઘોડાઓ, જંગલી બળદ અને ગેંડા, તેમજ માનવરૂપી આકૃતિઓ અને વિવિધ ભૌમિતિક નિશાનોનો સમાવેશ કરી શકાય છે.

**ક્યુએવા ડેલ કાસ્ટિલો અથવા કાસલની ગૂફા**



કાસલની ગૂફા સ્પેનના કેન્ટાબ્રિયામાં મોન્ટે કાસ્ટિલોની ગૂફાઓના સંકુલમાં આવેલ એક પુરાતત્વીય સ્થળ છે. જે પુરાતત્વીય સ્તરીકરણની પદ્ધતિમાં લગભગ 19 સ્તરોમાં વિભાજિત કરવામાં આવેલી છે. ક્યુએવા અલ કાસ્ટિલોની ગૂફા 20મી સદીની શરૂઆતથી મધ્ય પાષાણકાળથી નવ પાષાણકાળની સ્તરીકૃત અનુક્રમ અને પોતાની ગૂફા કલા માટે સુપ્રસિદ્ધ છે. આ ગૂફાઓને 2008થી 'અલ્તામિરાની ગૂફા અને ઉત્તરી સ્પેનની પેલેઓલિથિક ગૂફા કલા' શીર્ષક હેઠળ યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઇટ તરીકે નોંધાયેલ છે.



1903માં ડોન હર્મિલિયો આલ્કેડ ડેલ રિયો દ્વારા આ સ્થળની શોધ થઈ ત્યારથી અલ કાસ્ટિલોમાં 1910 થી 1914 સુધી બે તબક્કાઓમાં ઉત્ખનન હાથ ધરવામાં આવ્યા હતા. જે મારફતે અહીંથી આદિમાનવના વસવાટ અંગેના પુરાવાઓ તેમજ ગૂફાચિત્રો પ્રાપ્ત થયા છે. અલ કાસ્ટિલોની ગૂફામાં 40000 વર્ષે પૂર્વનું સૌથી જૂનુ જાણીતું ગૂફાચિત્ર 'પેનલ ડી લાસ માનોસ' છે, જે લાલ રંગના બિંદુઓનાં રૂપમાં તૈયાર કરવામાં આવેલ પટ્ટીના રૂપમાં જોવા મળે છે અને તે યુરોપમાં માનવીઓના પ્રથમ આગમનનું દ્યોતક છે. ઉપરાંત, આ ગૂફામાં પ્રાણીઓના ચિત્રોની સાથે સાથે માનવના હાથની છાપ જોવા મળે છે. 2013ના હાથની છાપના અભ્યાસ પરથી જાણવા મળે છે કે આ છાપમાં મોટા ભાગના હાથ સ્ત્રીના હતા, જે અગાઉની વ્યાપક માન્યતાને નકારી નાખે છે કે આ ગૂફાકલાનું સ્વરૂપ મુખ્યત્વે પુરુષ પ્રવૃત્તિ છે.

### ક્યુએવા દે લાસ માનોસ



ક્યુએવા દે લાસ માનોસ કેવ ઑફ ધ હેન્ડ્સ તરીકે સુપ્રસિદ્ધ છે. જે સ્પેનમાં આર્જેન્ટિનાના સાન્ટા ક્રુઝ પ્રાંતમાં પેરિટો મોરેનો શહેરની દક્ષિણે 163 કિમી દૂર આવેલ ગૂફા કલા સ્થળનું સંકુલ છે.

પુરાતત્વવિદ્ કાર્લોસ જે. ગ્રેડિન અને તેમની ટીમે 1964માં આ સ્થળ પર સૌથી મહત્વપૂર્ણ સંશોધન હાથ ધર્યું હતું. કેવ ઓફ ધ હેન્ડસના ખડકોની દિવાલો પર બહુવિધ સમુચ્ચિત ગૂફાચિત્રમાં અસંખ્ય હાથની છાપ જોવા મળે છે. જે ઇ.સ.પૂર્વે 7300 થી ઇ.સ.700 એટલે કે દક્ષિણ અમેરિકાના પૂર્વ-કોલમ્બિયન કાળ વચ્ચેનું સર્જન જણાય છે. અહીંથી પ્રાપ્ત પાઇપ જેવા આકારના હાંડકાના અવશેષો પરથી જાણવા મળે છે કે આ ગૂફાચિત્રો તૈયાર કરવા માટે રંગની છાટ- સ્પ્રેથી તૈયાર કરવામાં આવ્યુ છે. આ સ્થળ અર્જેન્ટીનામાં રાષ્ટ્રીય ઐતિહાસિક સ્મારક છે અને યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઇટ છે.

### ભીમ બેટકાની ગૂફાઓ



ભીમબેટકા અથવા ભીમબૈઠકા- ભારતના મધ્યપ્રદેશ રાજ્યના રાયસેન જિલ્લામાં સ્થિત એક ગુહાશ્રય પ્રકારનું પુરાસ્થળ છે. આ ગૂફાઓ મધ્ય ભારતમાં સ્થિત વિંધ્યાચલ પહાડીઓના નીચલા છેડે છે. આની શોધ વર્ષ 1957-58 માં ડૉ. વિષ્ણુ શ્રીધર વાકણકર દ્વારા કરાઈ હતી.

આ પુરા પાષાણકાલીન આદિમાનવ દ્વારા તૈયાર કરાયેલ શૈલચિત્રો અને શૈલાશ્રયો માટે પ્રસિદ્ધ છે. આ ગૂફાચિત્રો લગભગ 9000 વર્ષ પુરાણા માનવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે ભીમબેટકા મહાભારતના ભીમ સાથે સંબધિત છે જેથી તેનું નામ ભીમબેટકા પડ્યું. ભીમબેટકા ક્ષેત્રને ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ, ભોપાલ મંડળે ઓગસ્ટ 1990માં રાષ્ટ્રીય મહત્ત્વનું સ્થળ ઘોષિત કર્યું. આ બાદ જુલાઈ 2003 માં યૂનેસ્કોએ આ સ્થળને વિશ્વ ધરોહર સ્થળ ઘોષિત કર્યું છે.



ભીમબેટકાના 750 શૈલાશ્રયોમાંના 500 શૈલાશ્રયો ગૂફાચિત્રોથી સજ્જ જોવા મળે છે. પૂરા પાષાણ કાલથી મધ્ય ઐતિહાસિક કાલ સુધી આ સ્થળ માનવીય ગતિવિધિઓનું કેન્દ્ર રહ્યું હતું. 2015માં મારી ભીમબેટકાની મુલાકાત દ્વારા મેં નોધ્યું કે ભીમબેટકા ક્ષેત્રમાં પ્રવેશ કરતા શિલાઓ પર લખેલ ઘણી જાણકારીઓ મળે છે. અહીંના ગૂફાચિત્રોના સામૂહિક નૃત્ય, માનવાકૃતિ, શિકાર, પશુ-પક્ષી, યુદ્ધ અને પ્રાચીન માનવ જીવનની દૈનિક ક્રિયા-કલા સાથે જોડાયેલી છે. ગૂફાચિત્રોમાં ઉપયોગમાં લેવાયેલ ખનિજ રંગોમાં ગેરુઆ, લાલ, સફેદ, પીળો અને લીલો છે.



અહીંના અન્ય પુરાવશેષોમાં પ્રાચીન કિલ્લાની દીવાલ, લઘુસ્તૂપ, પાષાણ નિર્મિત ભવન, શુંગ-ગુપ્ત કાલીન અભિલેખ, શંખ અભિલેખ અને પરમાર કાલીન મંદિરના અવશેષ મળ્યાં છે. આ સ્થળ ખાતે ભારતમાં માનવ જીવન અને તેના રહેણાંક અંગેના પ્રાચીનતમ ચિહ્નો છે.

ભીમબેટકાના શૈલાશ્રયોની અંદરની સપાટી પર ઉત્કીર્ણ પ્યાલેનુંમાં નિશાન 100000 વર્ષ પૂર્વેના છે. આ કૃતિઓમા દૈનિક જીવનની ઘટનાઓ ચિત્રિત છે. અહી બનાવેલ ચિત્રો મુખ્યત્વેઃ નૃત્ય, સંગીત, આખેટ, ઘોડા, અને





હાથીઓની સવારી, આભૂષણોને સજાવવાનું તથા મધ જમા કરવા વિષે છે. આ સિવાય વાઘ, સિંહ, જંગલી સૂવર, હાથીઓ, કુતરા અને ઘડિયાલો જેવા પ્રાણીઓને પણ ચિત્રિત કરેલા જોવા મળે છે. આમ, આ સ્થળ માનવ વિકાસનો આરંભિક સ્થાન પણ માની શકાય તેમ છે.

**કેવી ગૂફાઓની પસંદગી?**


કુદરતે દરેક પ્રાણીને તેની સામે લડી લેવાની ક્ષમતાઓ બક્ષી છે. જ્યારે માનવીનો ઢાંચો એવી રીતે તૈયાર થયેલો છે કે તેને ઠંડી, ગરમી, વરસાદ, વગેરેથી રક્ષણ મેળવવા સંઘર્ષ કરવો પડે છે. ઉપરાંત જંગલી-જીવલેણ પ્રાણીઓ અને જીવજંતુઓથી પણ મનાવે રક્ષિત રહેવું પડે છે. આજ કારણથી માનવ ગૂફાઓમાં રહેવા ગયો. તેના પુરાવારૂપે પોતાના કાર્યોને ચિત્રો દ્વારા ગૂફાઓમાં મૂકતો ગયો, જેણે આપણાં માટે સંશોધનના વિષયનું રૂપ લીધું છે. આદિકાલીન ગૂફાઓને ધ્યાનથી જોતાં તેની પસંદગી કેમ કરવામાં આવી હતી તેના જવાબો મળી રહે છે.

માનવે જે-જે ગૂફાઓની પસંદગી કરી તેમાં તેણે ખાસ ધ્યાન એ રાખ્યું હતું કે ગૂફાઓમાં તેને કુદરતથી રક્ષણ મળી રહે. તેણે એવી ગૂફાઓને પસંદ કરી જે ઊંચાઈ પર હોય, જેથી જીવજંતુઓથી રક્ષણ મળી રહે.

આ દરેક ગૂફાઓ મંડપ જેવા નિર્માણની ખાસ જોવા મળે છે, કેમ કે તડકાથી બચવા માનવ તેના નીચે આરામથી રહી શકતો અને આ ગૂફાઓમાં એવા પણ ભાગ છે જેમાં સૂર્ય પ્રકાશ આસાનીથી પ્રવેશી શકતો.

આ દરેક ગૂફાઓમાં ખાંચા પડેલા હોય તેવું પણ ખાસ જોવા મળે છે, જેથી વરસાદી પાણી આ ખાંચાઓ પરથી રગડીને સીધું જમીન પર જઈ શકે અથવા ખાંચાની ટોચ પરથી ટપકી જાય. ઠંડીથી રક્ષણ મળી રહે અને પરિવાર સાથે બેસીને અગ્નિનો આનંદ માણી શકે તેવી જગ્યા પણ આ ગૂફાઓમાં જોવા મળે છે.

ઉપરાંત આ ગૂફાઓમાંથી પાણી, ખોરાક, વગેરેના સંગ્રહ માટેની જગ્યા પણ જોવા મળે છે. તેમજ જંગલી પ્રાણી ગૂફાઓમાં ઘૂસી જાય તો ઉપર ચડીને પોતાનો બચાવ કરી શકાય તેવી વ્યવસ્થા પણ આ ગૂફાઓમાં જોવા મળે છે. એટલે એમ કહી શકાય કે સ્થાપત્ય માત્ર મંદિર, મજીદ, ભવન, વગેરે જ નહી પણ કુદરત દ્વારા નિર્માણ પામેલા રહેણાંક તરીકે તૈયાર થયેલા આદિ-સ્થાપત્યો એવી ગૂફાઓ પણ સ્થાપત્યના સર્વોચ્ચ નમૂનાઓ છે.



**તારણ:**

પથ્થરયુગમાં માનવ કુદરત, જંગલી પ્રાણીઓ, જીવજંતુ, વગેરેથી રક્ષણ મેળવવા ગૂફાઓમાં રહેતો હતો અને મનોરંજન માટે ગૂફાઓની શીલા પર ચિત્રો દોરતો હતો. પથ્થરયુગોના અંત સમયે અને પછી માનવજીવનના ઇતિહાસમાં એક નવો કાળ અંત્ય પાષાણયુગનો સંક્રાંતિકાળ આવે છે. જેમાં લોકો ઘર બાંધીને રહેતા થયા. પશુપાલન, ખેતી, વિવિધ પ્રકારની કાંચી ધાતુની શોધ તથા તેણે ગાળવાની તેમજ ઓજારો-હથિયારો બનાવવાની તકનીકો શીખ્યા અને તેનો દૈનિક જીવનમાં ઉપયોગ કરતાં થયા, ઘર બનાવતા થયા.

**સંદર્ભ**

પરમાર, કુમારપાળ, 2021, "માનવનું પ્રથમ રહેઠાણ: ગૂફાઓ", કસુંબો ઇ-મેગેજીન (3): 1-5

પરમાર, થોમસ, 2011, ગૂફાઓ, ગુજરાત વિશ્વકોષ ટ્રસ્ટ

Dublyansky, Yu. V., G.E. Moseley, C. Spotl, Yu. S. Liakhnitsky, V.S. Zhitenev and R.L. Edward, 2016, Uranium-Thorium Dating of the Paleolithic Cave Art in Shulgan-Tash (Kapora) Cave, The Burzyan District of the Republic of Bashkortostan

Francisco, Javier Munoz Ibanez, Paul Bahn, Paul Pettitt and Sergio Ripoll (eds), 2007, Palaeolithic Cave Art at Creswell Crags in European Context, OUP Oxford

India, Archaeological Survey of India, 2003, Rock Shelters of Bhimbetka Continuity through Antiquity, Art & Environment: A proposal for nomination for inclusion in the World Heritage List, Government of India

Luret, Mathieu, Ariane Burke, Federico Bernaldo de Quiros and Marie Besse, (2020), El Castillo cave (Cantabria, Spain): Archeozoological comparison between the Mousterian occupation level (unit 20) and the "Aurignacien de transition de type El Castillo" (unit 18), Journal of Archaeological Science: Report

Stefanka, Ivanova, Maria Gurova, Nikolai Spassov, Latinka Hristova, Nikolay Tzankov, Vasil Popov, Elena Marinova, Jana Makedonska, Victoria Smith, Claudio Ottoni and Mark Lewis, 2015, Magura Cave, Bulgaria: A multidisciplinary study of Late Pleistocene human palaeoenvironment in the Balkans, Quaternary International: 1-13